# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-03-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. રાજકોટ, સુરત અને વડોદરામાં ત્રણ નવા લવાદી ન્યાયપંચ સ્થપાશે- વિધાનસભામાં કાયદા વિભાગની માંગણીઓ પસાર
2. અમદાવાદ સિવિલ મેડિસીટીમાં ન્યુરોલોજીકલ સાયન્સની સ્વાયત સંસ્થા નિર્માણ પામશે-વિધાનસભામાં આરોગ્ય મંત્રીની જાહેરાત
3. ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું રાજ્યના વીજગ્રાહકોને ગયા વર્ષે 2 હજાર કરોડ રૂપિયાની રાહત અપાઈ
4. આગામી ત્રણ દિવસ રાજ્યના તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા
5. IPLમાં આજે ગુજરાત ટાઇટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે અમદાવાદમાં મુકાબલો.

-----------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# LAW DEPARTMENT DEMANDS

રાજકોટ, સુરત તથા વડોદરા જિલ્લામથક ખાતે ત્રણ નવા લવાદી ન્યાયપંચ સ્થાપવામાં આવશે.

વિધાનસભા ગૃહમાં કાયદા વિભાગની અંદાજપત્રની માંગણીઓ પરની ચર્ચામાં કાયદા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું, રાજ્યમાં મ્યુનિસીપાલટીઝ અને પંચાયતના કેસોને પણ લવાદી ન્યાયપંચમાં ચલાવવાનો નિર્ણય કરાયો છે. તેમણે જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષમાં જિલ્લા ન્યાયતંત્ર દ્વારા 18 લાખ 41 હજાર 16  કેસોનો નિકાલ કરાયો છે. તેમણે જણાવ્યું કે રાજ્યના વિવિધ જિલ્લામાં એટ્રોસીટી એક્ટ સહિતની 595 વિશેષ અદાલતો કાર્યરત છે.

ગુજરાત પીડિત વળતર યોજના-૨૦૧૯ મુજબ એટ્રોસીટી, એસિડ એટેક અને પોક્સો એક્ટ જેવા ગુનામાં ભોગ બનનારને છેલ્લા ત્રણ વર્ષમાં 39 કરોડ રૂપિયાની ચુકવણી કરાઈ છે. અંતે આજે વિધાનસભા ગૃહમાં કાયદા વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પસાર કરાઇ હતી.

. . . . . . . . . . . . .

# VIDHANSABHA RUSHIKESH PATEL

અમદાવાદ સિવિલ મેડિસીટીમાં ન્યુરોલોજીકલ સાયન્સની સ્વાયત સંસ્થાનું નિર્માણ કરાશે. વિધાનસભા ગૃહમાં આરોગ્ય વિભાગની વર્ષ 2025-26ની અંદાજપત્રીય માંગણીઓમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે અનેક મહત્વની જાહેરાતો કરી હતી. સાંભળીએ એક અહેવાલ..

## (વોઇસ કાસ્ટ: પ્રવેશ અડિએચા)

*(અમદાવાદ સિવિલ મેડિસિટીમાં ન્યૂરોલૉજિકલ સાયન્સની સ્વાયત્ત સંસ્થા સંપૂર્ણપણે કાર્યરત્ થતા રાજ્યમાં અન્ય જગ્યાએ પણ સેટેલાઈટ સેન્ટર શરૂ કરાશે. અન્ય એક મહત્વની જાહેરાત કરતાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું, કેન્સરના રોગની સેવાઓ સુદ્રઢ કરવા પોરબંદર, હિંમતનગર, વલસાડ અને ગોધરા ખાતે નવા રેડિયોથેરાપી સેન્ટરો શરૂ કરાશે. આ ઉપરાંત ગાંધીનગર અને સુરતમાં કાર્ડિયોલોજી તથા ન્યુરોલોજી વિભાગની સેવાઓ તેમજ રાજકોટ અને ભાવનગર ખાતે કાર્ડિયોલોજી સેટેલાઈટ સેન્ટર કાર્યરત કરાશે.)*

*પ્રવેશ અડિએચા આકાશવાણી સમાચાર અમદાવાદ*

. . . . . . . . . . . . .

## KANU DESAI VIJ BILL

ગયા વર્ષે રાજ્યના વીજગ્રાહકોને 2 હજાર 4 કરોડ રૂપિયાની રાહત અપાઈ છે. વિધાનસભામાં એક પ્રશ્નના જવાબમાં ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું કે વર્ષ 2024-25 દરમિયાન વીજ દરોમાં બે વખત ઘટાડો કરવામાં આવ્યો છે. વીજ નિયમન પંચ દ્વારા આગામી સમીક્ષા ન થાય, ત્યાં સુધી રાજ્યના એક કરોડ 50 લાખ વીજગ્રાહકો માટે આ ઘટાડો લાગુ રહેશે.

શ્રી દેસાઇએ વધુમાં જણાવ્યું કે છેલ્લાં ત્રણ વર્ષમાં રાજ્યની નવીનીકરણીય ઊર્જા ઉત્પાદન ક્ષમતા 15 હજાર 400 મેગાવોટથી વધારી 32 હજાર 924 મેગાવોટ કરાઇ છે. તેમણે જણાવ્યું,વર્ષ 2070 સુધીમાં દેશનું કાર્બન ઉત્સર્જન ઝીરો કરવામાં નવીનીકરણ ઉર્જા સ્રોતો મારફતે 100 ગીગાવોટ વીજ ઉત્પાદનનું રાજ્યનું લક્ષ્ય છે.

અન્ય એક પ્રશ્નના જવાબમાં શ્રી દેસાઇએ જણાવ્યું કે **રાજ્યના ખેડૂતોને વીજબીલમાં રાહત પેટે છેલ્લા બે વર્ષમાં 18 હજાર કરોડ રૂપિયાથી વધુની સબસીડી અપાઈ છે.**

--------------------

## KANU DESAI VIJ LINE-SAGARKHEDU

સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના' અંતર્ગત વર્ષ 2024 સુધીમાં એક હજાર 9 કરોડ રૂપિયાના ખર્ચે 73 હજાર 762 કિલોમીટર જર્જરિત વીજ લાઈનો અને એક લાખ 74 હજારથી વધુ થાંભલા બદલવામાં આવ્યા છે.

વિધાનસભામાં ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું, દરિયાકિનારે વાવાઝોડાથી વીજ વાયરોને થતું નુકસાન અટકાવવા ઓવરહેડ લાઈનને અંડર ગ્રાઉન્ડ કરવાની કામગીરી પ્રગતિમાં છે. શ્રી દેસાઈ વધુ વિગતો આપતાં કહ્યું, આ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં 49 કરોડ 64 લાખ રૂપિયા તેમજ જામનગર જિલ્લામાં 92 કરોડ 56 લાખ રૂપિયાનો ખર્ચ કરાયો છે.

. . . . . . . . . . . . . .

## DAY ELECTRICITY - KANU DESAI

રાજ્યના 97 ટકા ગામડાઓના ખેડૂતોને દિવસે વીજળી મળી રહી છે. વિધાનસભામાં ખેડૂતોને દિવસે વીજળી મળવા અંગેના પ્રશ્નનો જવાબ આપતાં ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું કે બનાસકાંઠા, દેવભૂમિ દ્વારકા અને કચ્છ જિલ્લાના જમીન અને કાયદાકીય પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવાની કામગીરી

હાલ ચાલી રહી છે. આ કામગીરી ટુંક સમયમાં જ પૂર્ણ કરી ખેડૂતોને વીજળી અપાશે. તેમણે જણાવ્યું કે છોટાઉદેપુર જિલ્લામાં ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા કુલ 846 ગામના 42 હજાર 670 ખેડૂતોને દિવસે વીજળી મળી રહી છે.

શ્રી દેસાઇએ જણાવ્યું કે દિવસે વીજળી આપવાથી આવનારા વધારાના વીજલોડને ધ્યાનમાં રાખીને અંદાજપત્રમાં GETCOના પ્રવહન માળખાના અપગ્રેડેશન માટે 8 હજાર 810 કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ છે. 34 નવાં વીજ સબસ્ટેશનોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . .

## SANGHAVI STATEMENT

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદની સેશન્સ અદાલતે ગૌ હત્યાના ઈરાદે પશુઓની ચોરી કરનારા બે આરોપીને ફરમાવેલી સજાને આવકારી છે. શ્રી સંઘવીએ જણાવ્યું કે આ મહિનામાં આ ત્રીજા કેસનો ચુકાદો સામે આવ્યો છે. તેમણે આ કાર્યવાહી માટે રાજ્ય પોલીસ અને કાયદા વિભાગને અભિનંદન પાઠવ્યા હતા.

(બાઈટઃ હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

ઉલ્લેખનીય છે કે ગઇકાલે અમદાવાદની સેશન્સ અદાલતે ગૌ હત્યાના ઈરાદે પશુઓની ચોરી કરનારા બે આરોપીને સાત વર્ષની કેદ અને એક લાખ પાંચ હજાર રૂપિયાનો દંડ કર્યો હતો.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

......................................

## Jamnagar Standing Comm. Meeting

જામનગર મહાનગરપાલિકાની આજે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં ભૂગર્ભ ગટર, સીટી બ્યુટીફીકેશન, વૃક્ષારોપણ સહિતના 15 કરોડથી વધુના વિકાસ કામો મંજુર કરાયા હતા. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશ કગથરાએ વધુ માહિતી આપી....

**(બાઈટ : નિલેશભાઈ કગથરા, ચેરમેન, સ્ટેન્ડિંગ કમિટી જામનગર)**

. . . . . . . . . . . . .

## PRAKHARTA KASOTI - TST

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 9 ની પ્રખરતા શોધ કસોટીનું પરિણામ જાહેર કરાયું છે.

રાજ્યના પ્રથમ એક હજાર વિદ્યાર્થીઓની યાદી આજે બોર્ડની વેબસાઇટ gseb.org પર મૂકવામાં આવી છે. ગત પહેલી જાન્યુઆરીએ પ્રખરતા કસોટી લેવાઇ હતી.

. . . . . . . . . . . . .

# PM - MANN KI BAAT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૩૦ માર્ચે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની ૧૨૦મી કડી હશે. લોકો ટોલ-ફ્રી નંબર ૧૮૦૦-૧૧-૭૮૦૦ દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે. તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા પોતાના અભિપ્રાય રજૂ કરી શકે છે.**

**આગામી કડી માટે સૂચનો 28 માર્ચ સુધી મોકલી શકાશે. આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને NewsOnAir મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. તે AIR ન્યૂઝ, DD ન્યૂઝ, PMO અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ જીવંત પ્રસારણ કરાશે. હિન્દી પ્રસારણ પછી તરત જ આકાશવાણી આ કાર્યક્રમને પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારિત કરશે.**

. . . . . . . . . . . . . . .

# Navsari uni . Turmeric

નવસારી કૃષિ યુનિવર્સીટીના વૈજ્ઞાનિકોએ હળદરની ત્રણ નવી જાતો વિકસાવી છે. આ નવી જાતોની માહિતી આપવા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે જિલ્લા કક્ષાનો બે દિવસીય ખેડૂત પરિસંવાદ યોજાયો છે. યુનિવર્સીટીના કૃષિ નિષ્ણાત ડો કિંજલ શાહે માહિતી આપી હતી કે, આ હળદરનો પાક માત્ર 170 દિવસમાં તૈયાર થઇ જાય છે.

**(બાઈટ - ડો કિંજલ શાહ ( કૃષિ નિષ્ણાત, કેવીકે નવસારી)**

ઉલ્લેખનીય છે કે, દક્ષિણ ગુજરાતમાં નવસારી, વલસાડ, ડાંગ, સુરત સહિતના જિલ્લાઓમાં અંદાજે 2 હજાર હેક્ટર જમીનમાં હળદરની ખેતી થાય છે.

. . . . . . . . . . . . .

# Harsh sanghavi ITF M25'

રાજ્યના રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ આંતરરાષ્ટ્રીય ટેનિસ સ્પર્ધા ITF M25'નો અમદાવાદ ખાતે પ્રારંભ કરાવ્યો હતો.

આ ટુર્નામેન્ટ અલ્તેવોલ એલેક્ષઝાન્ડર વાસ્કે ટેનિસ યુનિવર્સિટી ખાતે રમાશે. 30 માર્ચ સુધી ચાલનારી ટેનિસ ટુર્નામેન્ટમાં 12 જેટલા દેશોના આશરે 80 ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

આ પ્રસંગે શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે, રમતવીરોને તમામ પ્રકારનો સહયોગ અને શ્રેષ્ઠ તાલીમ આપવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે, આ વર્ષે 10થી વધારે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓનું રાજ્યના વિવિધ શહેરોમાં

આયોજન કરાયું છે. આ પ્રસંગે ટેનિસમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડી આર્યન શાહ અને સમર્થને મોમેન્ટો આપી સન્માનિત કરાયાં  હતા.

. . . . . . . . . . . . .

## Ranki Vaav---Digital Ticket

પાટણની રાણકી વાવમાં હવે માત્ર ડિજિટલ ટિકિટ દ્વારા જ પ્રવેશ અપાશે. ટિકિટના દરમાં  ભારતીય પ્રવાસીઓ માટે  5  રૂપિયા અને વિદેશી પ્રવાસીઓ માટે 50  રૂપિયાના ડિસ્કાઉન્ટની જાહેરાત કરવામાં આવી છે.

પ્રવાસીઓએ  ઓનલાઈન ટિકિટ માટે આધાર કાર્ડ અને પાનકાર્ડની માહિતી આપવાની રહેશે. એક ટિકિટમાં પાંચ પ્રવાસીઓનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . .

## WEATHER

આગામી ત્રણ દિવસ રાજ્યમાં મહતમ અને લઘુતમ તાપમાનમાં બે થી ત્રણ ડીગ્રીનો ઘટાડો થવાની શકયતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે રાજ્યના તાપમાનમાં ઘટાડો થશે. ત્રણ દિવસ બાદ મહત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડીગ્રીનો વધારો થઈ શકે છે. છેલ્લા 24 કલાકમાં અમદાવાદ અને ગાંધીનગરમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી

સેલ્સિયસ જેટલું નોંધાયું છે. સૌથી વધુ મહત્તમ તાપમાન આણંદમાં 41 ડિગ્રી સેલ્સિયસ જેટલું નોંધાયું હતું.

. . . . . . . . . . . . . .

# IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.Lમાં આજે ગુજરાત ટાઈટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મૅચ રમાશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાનારી આ મૅચમાં ગુજરાત ટાઈટન્સે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે.

ગુજરાતની ટીમ શુબમન ગિલ અને પંજાબ કિંગ્સની ટીમ શ્રેયસ અય્યરના સુકાની હેઠળ રમી રહી છે.

. . . . . . . . . . . . . .

# TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સવલતને રાખીને ગાંધીધામ-બાંદ્રા ટર્મિનસ અને ભાવનગર-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવવામાં આવ્યા છે.

જે મુજબ, ગાંધીધામ-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ, બાંદ્રા ટર્મિનસ-ગાંધીધામ સાપ્તાહિક સ્પેશિયલ, ભાવનગર-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ જે અગાઉ 27 માર્ચ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે 26 જૂન, સુધી તેમજ બાંદ્રા ટર્મિનસ-ભાવનગર સાપ્તાહિક સ્પેશિયલ 27મી જૂન સુધી લંબાવાઇ છે.

દરમિયાન, ભાવનગર ડીવીઝનના તમામ રેલવે લાઈનો પર 25 હજાર વોલ્ટના ઓવરહેડ વાયરો લગાવવામાં આવતા પ્રવાસીઓને રેલવે ટ્રેકની નજીક ન આવવા અને પશુઓને પણ દૂર રાખવા વિનંતી કરી છે.

. . . . . . . . . . . . . .